## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજનાનું નામ / પ્રકાર | મુખ્યમંત્રી અમૃતમ્ યોજના - મા યોજના |
| ૨ | યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ | આ યોજના રાજ્યના તમામ જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના (નગરપાલિકા વિસ્તાર, મહાનગર પાલિકા વિસ્તાર અને નોટીફાઈડ એરીયા) ગ્રામ્ય વિકાસ વિભાગ અને શહેરી વિકાસ વિભાગ હેઠળ નોંધાયેલા ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબ (મહત્તમ ૫ વ્યક્તિ સુધી) ને લાગુ પાડવામાં આવી છે. તેમજ હાલમાં વાત્સલ્ય યોજના અંતર્ગત "વાર્ષિક રૂા. ૧.૨૦ લાખથી ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારોના તમામ સભ્યો ને લાભ (મહત્તમ ૫ વ્યક્તિ સુધી) આપવામાં આવશે. નવા જન્મતા બાળકને છઠ્ઠા સભ્ય તરીકે લાભ મળવાપાત્ર રહે છે. |
| ૩ | યોજના અંતર્ગત સહાય / લાભ | આ યોજના હેઠળ હ્રદય, મગજ અને કિડનીને લગતી ઘનિષ્ઠ સારવાર બર્ન્સ કેન્સર, ગંભીર ઈજાઓ તેમજ નવજાત શિશુઓના રોગો જેવી ગંભીર બિમારીઓ માટે કુટુંબદિઠ વાર્ષિક મહત્તમ રૂા. ૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ) સુધીની કેશલેશ સારવાર આપવામાં આવે છે. |
| ૪ | યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ | આ યોજના હેઠળ હ્રદય, મગજ અને કિડનીને લગતી ઘનિષ્ઠ સારવાર બર્ન્સ કેન્સર, ગંભીર ઈજાઓ તેમજ નવજાત શિશુઓના રોગો જેવી ગંભીર બિમારીઓ માટે નિયત સારવાર પેકેજીસ નક્કી કરેલ છે. જે અનુસાર યોજના હેઠળ કરારબદ્ધ થયેલ હોસ્પિટલમાં લાભાર્થીને સારવારનો લાભ મળવા પાત્ર થાય છે. |
| ૫ | યોજનાનો લાભ ક્યાંથી મળશે | આ યોજના હેઠળ નિયત ચેકલીસ્ટ અનુસાર સગવડતા ધરાવતી સરકારી/અનુદાન મેળવતી સંસ્થાઓ/ખાનગી હોસ્પિટલોને કરારબદ્ધ કરવામાં આવેલ છે. આ કરારબદ્ધ થયેલ હોસ્પિટલમાં લાભાર્થીને સારવારનો લાભા આપવામાં આવે છે. |